
# સલમાને ફિલ્મની રજૂઆત માટે ઈદની તારીખ કેમ છોડી દીધી?

શું સલમાન ‘બેટલ ઓફ ગલવાન’ના ટીઝરમાં કોઈ નવી કે જોરદાર છાપ છોડી શક્યો નથી? તો એનો જવાબ ‘હા’માં આવે એમ છે. યુનિફોર્મ બદલાયો છે પણ સલમાન ભાઈના હાવભાવ એ જ છે, જે આપણે ‘એક થા ટાઈગર’ કે ‘રાધે’માં જોયા હતા. જ્યારે કોઈ સૈનિકનું પાત્ર ભજવવાનું હોય ત્યારે ચહેરા પર જે શિસ્ત અને ગંભીરતા હોવી જોઈએ તેના બદલે અહીં ‘સ્ટારડમ’ વધુ દેખાય છે. બહુ નાનું ટીઝર છે. એમાં સલમાનના પાત્ર કે વાર્તા વિશે કશું જાહેર કર્યું નથી એટલે સંપૂર્ણ આગાહી થાય એમ નથી. એના બેકગ્રાઉન્ડ અને બરફ એટલા નકલી છે કે તે ગલવાનમાં નહીં પણ ગોરેગાંવના કોઈ સ્ટુડિયોમાં ગ્રીન સ્ક્રીન સામે ઊભો હોવાનું લાગે છે. જ્યારે લોકેશન નકલી લાગે ત્યારે અભિનેતાની છાપ ઝાંખી પડી જાય છે. ટીઝરમાં ભાઈ જ્યારે કહે છે કે ‘દુશ્મન કી હર ગોલી કા જવાબ મેરે પાસ હૈ’ ત્યારે તે સૈનિક ઓછો અને સુપરહીરો વધુ લાગે છે. ગલવાન જેવી વાસ્તવિક ઘટના પર ફિલ્મ બનતી હોય ત્યારે લોકો જમીની પરફોર્મન્સની અપેક્ષા રાખતા હોય છે.





ફિલ્મ ટી.વી

રાકેશ ઠક્કર

જે અહીં જોવા મળતું નથી. સલમાન અત્યારે પોતાની સીટીમાર ઈમેજમાંથી બહાર આવવા તૈયાર નથી. ગલવાન જેવી ગંભીર ઘટનામાં પણ લોકો ‘ભાઈ’ને શોધશે તો ‘સૈનિક’ ક્યાંક ખોવાઈ જાય એમ છે. આ જ કારણ છે કે ટીઝર જોયા પછી લોકોમાં રોમાંચ આવવો જોઈએ તેના બદલે એના મીમ્સ વધુ બની રહ્યા છે. જોકે, આખરે સલમાન ખાનની ફિલ્મ એટલે ‘માસ એન્ટરટેઈનમેન્ટ’ કહેવાય છે. સલમાન માટે સારી વાત એ છે કે ભલે લોજિકમાં થોડી કમી લાગતી હોય પણ સિનેમેટિક દ્રષ્ટિએ આ ટીઝર કેટલીક આશાસ્પદ બાબતો પણ દર્શાવે છે. અત્યારે ભારતીય પ્રેક્ષકો દેશભક્તિના વિષય પર બનેલી ફિલ્મોને ખૂબ પ્રેમ આપી રહ્યા છે. સલમાન જ્યારે લશ્કરી ગણવેશમાં ‘ભારત માતા કી જય’ બોલે છે ત્યારે એ સીન આખા દેશના સિનેમા હોલ્સમાં સીટીઓ અને તાળીઓ પડાવવાની ક્ષમતા રાખે છે. ‘ટાઈગર 3’ પછી સલમાનના ચાહકો એક એવા રોલની રાહ જોઈ રહ્યા છે જે ખરેખર તેની ઈમેજને ન્યાય આપતો હોય. જો વાર્તામાં દમ હશે તો કદાચ આ ફિલ્મ સલમાનની કારકિર્દીની સૌથી મોટી હિટ બની શકે છે. કેમકે રજૂઆત 17 એપ્રિલે રાખવામા આવી છે. સૌને એમ હતું કે 19 માર્ચે ઈદ નિમિત્તે જ ભાઈજાન આવશે. પણ એણે જોખમ લેવાનું ટાળ્યું છે. બાકી ઈદ હોય એટલે સલામનની ફિલ્મ હોય જ એવો ધારો પડી ગયો હતો. યશની ‘ટોક્સિક’ અને રણવીર સિંહની ‘ધુરંધર 2’ વચ્ચે પડવાનું તેણે યોગ્ય માન્યું નથી. સલમાને કદાચ પાછળ હટીને હાર નથી માની પણ ‘ટાઈગર’ની જેમ લાંબી છલાંગ મારવા માટે બે ડગલાં પાછળ લીધા છે. •

# શાહિદ કપૂર ‘ઓ રોમિયો’થી અભિનેતા તરીકે ફરી ટોચ પર આવશે?

શાહિદ કપૂર ‘ઓ રોમિયો’થી જોરદાર કમબેક કરી શકશે? ફિલ્મનું ટીઝર જોયા પછી જવાબ ‘હા’માં જ આવશે. શાહિદ તેના સૌથી મજબૂત પાસા એટલે કે ઈન્ટેન્સ એક્ટિંગ સાથે પરત ફરી રહ્યો છે. શાહિદ અને વિશાલની જોડીથી ‘હૈદર’ અને ‘કમીને’ જેવો જાદુ ફરી સર્જાવાની પૂરી શક્યતા છે. એમને નાના પાટેકર અને તૃપ્તિનો સાથ મળશે. શાહિદની છેલ્લી કેટલીક ફિલ્મો કદાચ બોક્સ ઓફિસ પર ધારી સફળતા મેળવી શકી નથી. ‘ઓ રોમિયો’ તેને માત્ર વ્યવસાયિક રીતે જ નહીં પણ એક અભિનેતા તરીકે ફરી ટોચ પર બેસાડી શકે છે. વિશાલ જાણે છે કે શાહિદ પાસેથી શ્રેષ્ઠ પર્ફોર્મન્સ કેવી રીતે કઢાવવું. આ વખતે એવું લાગી રહ્યું છે કે શાહિદ એવું પાત્ર ભજવી રહ્યો છે જે લાંબા સમય સુધી લોકોના મનમાં જીવંત રહેશે. શાહિદ એવો અભિનેતા રહ્યો છે જે લાક્ષણિક મસાલા ફિલ્મો કરતા ગંભીર અને માનસિક રીતે પડકારરૂપ પાત્રોમાં વધુ ખીલી ઉઠે છે. તેની આંખો અને બોડી લેન્ગ્વેજ એ વાતની સાક્ષી પૂરે છે કે આ પાત્રમાં પૂરેપૂરો ડૂબી ગયો છે. વિશાલ જ્યારે પણ શેક્સપિયરના કોઈ નાટકને ભારતીય પૃષ્ઠભૂમિ પર ઉતારે છે ત્યારે તે એક માસ્ટરપીસ બની રહે છે. ટીઝરથી જણાય છે કે આ ફિલ્મ એક ડાર્ક રોમેન્ટિક મ્યુઝિકલ ડ્રામા જોનરની છે. વિશાલ આ વખતે રોમિયો-જુલિયટના મૂળ પ્લોટને આજના સમયમાં અથવા કોઈ અનોખા વાતાવરણમાં ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છે. જેમાં રહસ્ય, પ્રેમ અને માનવીય સ્વભાવની જટિલતાઓ વણાયેલી છે. તેમાં સંગીતનો એવો જાદુ છે જે સીધો હૃદયને સ્પર્શી જાય છે. ટ્રેલરના દ્રશ્યોમાં પ્રેમની તીવ્રતા સાથે ઉદાસીન અને ભયાનક અંડરટોન પણ જોવા મળે છે. જેઓ અર્થપૂર્ણ અને કલાત્મક સિનેમાના શોખીન છે તેમના માટે આ ફિલ્મ જોવા જેવી હશે. વિશાલની ફિલ્મોની ખાસિયત ક્યારેક વિવાદનું કારણ રહી છે. વિશાલ માને છે કે જો પાત્ર ગુસ્સામાં હોય કે કોઈ ચોક્કસ પૃષ્ઠભૂમિમાંથી આવતું હોય તો તે સાહિત્યિક ભાષામાં વાત ન કરી શકે. એટલે ટીઝરમાં સંભળાતી ભાષા પરથી લાગે છે કે ભરપૂર ગાળો અને દેશી અપશબ્દોનો ઉપયોગ થયો છે. ફરીદા જલાલ માટે આ એક બહુ મોટું પરીવર્તન છે. જે કલાકારે હંમેશા ‘જીતે રહો બેટા’ જેવા આશીર્વાદ આપ્યા હોય તેમને ગાળો બોલતા જોવા એ પ્રેક્ષકો માટે પચાવવું થોડું અઘરું હોઈ શકે છે. જો તે પાત્રની જરૂરિયાત હોય તો એક પ્રયોગાત્મક સફળતા સાબિત થઈ શકે છે. •




# લોખંડના સામ્રાજ્યનો રાજા અને એક લાચાર પિતા!

## અનિલ અગ્રવાલના સંઘર્ષ અને વેદનાની કરુણ ગાથા

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

દુનિયા જેને ‘મેટલ કિંગ’ તરીકે ઓળખે છે, જેણે શૂન્યમાંથી સર્જન કરીને અબજોનું સામ્રાજ્ય ઊભું કર્યું અને જેની સફળતાની વાર્તાઓ મેનેજમેન્ટની શાળાઓમાં ભણાવવામાં આવે છે, તે વ્યક્તિ આજે મૌન છે. વેદાંત ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલના જીવનની સફર એ માત્ર બિઝનેસ ટાયકૂનની કહાની નથી, પણ એક પિતાના સપનાઓ, સંઘર્ષ અને અંતે કુદરત સામેની લાચારીની કરુણ દાસ્તાન છે. તાજેતરમાં તેમના પુત્ર અગ્નિવેશ અગ્રવાલના અકાળે નિધને આખી દુનિયાને બતાવી દીધું છે કે, લોખંડ અને ધાતુના સામ્રાજ્ય પર રાજ





કરનાર પિતાનું હૃદય પણ માટીનું જ બનેલું હોય છે, જે સંતાનના વિરહમાં ચકનાચૂર થઈ શકે છે.

અનિલ અગ્રવાલની સફર પટનાની સાંકડી ગલીઓથી શરૂ થઈ હતી. હાથમાં માત્ર એક ટિફિન અને આંખોમાં આખી દુનિયા જીતવાનું સપનું લઈને જ્યારે તેઓ મુંબઈ આવ્યા, ત્યારે તેમની પાસે ગુમાવવા માટે કંઈ નહોતું, પણ મેળવવા માટે આખું આકાશ હતું. સ્ક્રેપના વ્યવસાયમાંથી શરૂઆત કરીને ખાણકામના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ડંકો વગાડવા સુધીની તેમની સફર પાછળ માત્ર પૈસા કમાવવાની લાલસા નહોતી, પણ પોતાના પરિવારને અને આવનારી પેઢીને એક અદમ્ય વારસો આપવાની ખેવના હતી.

મારો પુત્ર જ્યારે આ ખુરશી પર બેસશે, ત્યારે તેને એ સંઘર્ષ નહીં કરવો પડે જે મેં કર્યો છે. અનિલ અગ્રવાલે પણ લંડનથી લઈને ઓસ્ટ્રેલિયા સુધી જે ખાણો ખરીદી, જે કંપનીઓ ઊભી કરી, તે બધું જ અગ્નિવેશ અને તેમના પરિવારના ભવિષ્ય માટે હતું. પણ કુદરતની બેલેન્સ શીટમાં કંઈક જુદું જ લખાયેલું હતું.

પુત્ર- એક પિતાનો જીવંત અરીસો: પિતા અને પુત્રનો સંબંધ શબ્દોમાં વર્ણવી શકાય તેવો નથી હોતો. પુત્ર એ પિતાનો એ અરીસો છે જેમાં તે પોતાનું યુવાન સ્વરૂપ જુએ છે. અગ્નિવેશ અગ્રવાલ માત્ર અનિલભાઈના પુત્ર નહોતા, પણ તેમના સંસ્કારો અને વ્યવસાયિક દષ્ટિનો વારસો હતા. જ્યારે પિતા સફળતાના શિખરે પહોંચે છે, ત્યારે તેને દુનિયાની વાહવાહી કરતાં પોતાના પુત્રની આંખોમાં દેખાતો આદર અને ગર્વ વધુ મૂલ્યવાન લાગે છે.

અનિલભાઈ ઘણીવાર કહેતા કે મારે ભારતને ગરીબીમુક્ત બનાવવું છે. આ વિઝનમાં અગ્નિવેશ તેમનો જમણો હાથ હતા. પિતાએ જે કઠિન પરિશ્રમથી માર્ગ બનાવ્યો હતો, અગ્નિવેશ તે માર્ગ પર આધુનિકતાના ફૂલો વેરતા હતા. પિતા-પુત્રની આ જોડી માત્ર બિઝનેસ મીટિંગ્સમાં જ નહીં, પણ ઘરના આંગણે પણ એકબીજાના પૂરક હતા. આજે એ પૂરકનો સંગાથ છૂટી ગયો છે.

જ્યારે ‘મેટલ કિંગ’ પણ વામણો સાબિત થાય: દુનિયાની ગમે તેવી કિંમતી ધાતુને ઓગાળીને નવો આકાર આપવાની ક્ષમતા અનિલ અગ્રવાલ ધરાવે છે, પણ કાળના પંજામાંથી પોતાના વહાલસોયા પુત્રને બચાવી શકવાની શક્તિ તેમની પાસે પણ નહોતી. અગ્નિવેશના જવાથી જે શૂન્યાવકાશ સર્જાયો છે, તે વેદાંતાના ગમે તેટલા મિલિયન ટન ઉત્પાદનથી પણ ભરી શકાશે નહીં.

એક પિતા માટે સૌથી મોટો આઘાત

**મારો પુત્ર જ્યારે આ ખુરશી પર બેસશે, ત્યારે તેને એ સંઘર્ષ નહીં કરવો પડે જે મેં કર્યો છે. અનિલ અગ્રવાલે પણ લંડનથી લઈને ઓસ્ટ્રેલિયા સુધી જે ખાણો ખરીદી, જે કંપનીઓ ઊભી કરી, તે બધું જ અગ્નિવેશ અને તેમના પરિવારના ભવિષ્ય માટે હતું. પણ કુદરતની બેલેન્સ શીટમાં કંઈક જુદું જ લખાયેલું હતું**

એ છે કે તેણે પોતાના લોહીને, પોતાના અંશને વિદાય આપવી પડે. જે હાથે પુત્રને આંગળી પકડીને ચાલતા શીખવ્યું હોય, એ જ હાથે તેની અંતિમવિધિ કરવી પડે, એનાથી મોટું દુઃખ આ પૃથ્વી પર બીજું કોઈ નથી. અબજોની સંપત્તિ, સેંકડો એવોર્ડ્સ અને હજારો કર્મચારીઓનો કાફલો હોવા છતાં, આજે અનિલ અગ્રવાલ એકલા પડી ગયા છે. તેમનો એ અવાજ, એ હાસ્ય અને એ ભવિષ્યનો વારસદાર હવે માત્ર યાદોમાં શેષ છે.

### પૈસા અને પ્રેમ વચ્ચેનો ભેદ:

અનિલ અગ્રવાલની આ કહાની આપણને એ શીખવે છે કે જીવનમાં ગમે તેટલી સફળતા મેળવો, પણ અંતે તો પરિવાર અને પ્રેમ જ સાચું ભાથું છે. અનિલભાઈએ જે મહેનત કરી, તે તેમના પુત્ર માટે હતી. આજે જ્યારે એ પુત્ર જ નથી રહ્યો, ત્યારે એ કમાણી, એ ફેક્ટરીઓ અને એ ખનીજોના ઢગલા નિરર્થક લાગે છે.

પિતા-પુત્રના સંબંધમાં એક એવી ગૂંચ હોય છે જે ક્યારેય કહી શકાતી નથી, પણ અનુભવી શકાય છે. પિતા હંમેશા કઠોર દેખાય છે કારણ કે તેણે બહારની દુનિયા સાથે લડવાનું હોય છે, પણ પુત્ર માટે તેનું હૃદય હંમેશા કોમળ હોય છે. અનિલ અગ્રવાલે દુનિયા સામે ભલે ગમે તેટલી લડાઈઓ જીતી હોય, પણ આ એક લડાઈમાં તેઓ હારી ગયા, જ્યાં વિરોધી પોતે ‘સમય’ હતો.

અગ્નિવેશની વિદાય અને અધૂરા સ્વપ્નો: અગ્નિવેશ અગ્રવાલ એક તેજસ્વી ઉદ્યોગપતિ હતા. તેમણે દુબઈના વ્યવસાયને જે રીતે સંભાળ્યો હતો, તે જોઈને અનિલભાઈ નિશ્ચિંત હતા કે તેમનો વારસો સુરક્ષિત હાથોમાં છે, પણ નિયતિને કંઈક બીજું જ મંજૂર હતું. એક યુવાન પુત્રનું જવું એ માત્ર એક પરિવારની ખોટ નથી, પણ એ રાષ્ટ્રની પણ ખોટ છે જેમાં તે પોતાનું યોગદાન આપવાનો હતો.

આજે જ્યારે આપણે આ લેખ વાંચી રહ્યા છીએ, ત્યારે કદાચ કોઈ એક પિતા તેના પુત્રની તસવીર સામે જોઈને મૌન આંસુ સારી રહ્યો હશે. અનિલ અગ્રવાલ માટે હવે દરેક સફળતા અપૂર્ણ હશે. દરેક નવા પ્રોજેક્ટના લોકાર્પણ વખતે તેમની આંખો કદાચ અગ્નિવેશને શોધશે. પિતાના ખભા પર જે પુત્રનો ભાર હોવો જોઈતો હતો, આજે એ પુત્રની સ્મૃતિઓનો ભાર છે.

અનિલ અગ્રવાલની જીત અને તેમની આ કરુણ હાર આપણને એક જ પાઠ ભણાવે છે:

વધારે પડતા કામ અને સફળતાની દોડમાં ક્યાંક આપણે આપણા પ્રિયજનોને આપવાનો સમય તો નથી ગુમાવી રહ્યા ને? જોકે, અનિલભાઈએ હંમેશા પરિવારને મહત્ત્વ આપ્યું છે, છતાં કુદરતનો નિર્ણય અકળ હોય છે.

‘મેટલ કિંગ’ તરીકે ઓળખાતા અનિલ અગ્રવાલ માટે આપણી સંવેદનાઓ માત્ર શબ્દો નથી, પણ એક પિતા તરીકેની સહાનુભૂતિ છે. ઈશ્વર અગ્નિવેશના આત્માને શાંતિ આપે અને અનિલભાઈને આ અસહ્ય પીડા સહન કરવાની શક્તિ આપે. ધાતુનું સામ્રાજ્ય તો ફરી ઊભું થઈ જશે, પણ પિતાના હૃદયમાં પડેલી આ તિરાડ કદાચ ક્યારેય નહીં ભરાય. જીવનની આ રમત કેટલી વિચિત્ર છે! જેણે આખી દુનિયાને લોખંડ અને જસત આપ્યું, આજે તે પોતે પોતાની સંવેદનાઓના ભાર નીચે દબાયેલા છે. પિતા અને પુત્રના આ અતુટ નાતાને બે હાથ જોડીને નતમસ્તકે અશ્રુભીની શ્રદ્ધાંજલિ. •




# મિશ્ર શિવરંજની - મિશ્ર સોનેટ જ્યારે થોડી મિશ્રતા સ્વીકૃતિ બને

આંખની અટારી

★ હેમુ ભીખુ

કળાના ચોક્કસ સ્વરૂપમાં શુદ્ધતા જળવાય તે જરૂરી છે, પરંતુ ક્યારેક અનુભૂતિમાં લાલિત્યનો વધારો થવાની સંભાવના હોય અને સામાજિક સ્વીકૃતિ વધી શકે તેમ હોય તો થોડીક મિશ્રતા સ્વીકૃત બનતી હોય છે. શિવરંજની અને મિશ્ર-શિવરંજની આનું સચોટ ઉદાહરણ છે. ક્યારેક અને ક્યાંક બદલાવ આવશ્યક હોય છે. એક જ પ્રકારનાં સિદ્ધાંત, એક જ પ્રકારની શૈલી, એક જ પ્રકારની રજૂઆત, એક જ પ્રકારની રચના ક્યાંક સમાજને જે તે બાબતથી વિમુખ પણ કરી શકે. કહેવાય છે કે સૃષ્ટિમાં માત્ર બદલાવ કાયમી છે. સૃષ્ટિમાં કશું જ કાયમ, જેમનું તેમ નથી રહી અંત ભાગમાં અહીં ક્યાંક નાટકીયતા પણ જોવાં મળે. શક્ય છે કે યુરોપમાં જો ત્રીજા પ્રકારનું સોનેટ હોત તો તેની અહીં ભારતમાં પણ સ્વીકૃતિ હોત. આ ત્રીજા પ્રકાર માટે ઘણી સંભાવના રહે; છ, ચાર, બે અને બે કે એમ કંઈક. અહીંનાં કવિઓએ પોતે સોનેટનો આવો કોઈ ત્રીજો પ્રકાર શોધ્યો નથી. જો અભિવ્યક્તિમાં સચોટતા આવી શકતી હોય તો ત્રીજો પ્રકાર પણ સ્વીકૃત બનવો જોઈએ. ઘણીવાર તો એમ પણ પ્રશ્ન થાય કે, અમુક પ્રકારની ભાવાત્મક રજૂઆત માટે અડધી પંક્તિની આવશ્યકતા હોય તો શું સોનેટમાં તેનો સમાવેશ ન કરી શકાય ? જો મિશ્ર શિવરંજની સ્વીકાર્ય હોય તો મિશ્ર સોનેટ કેમ નહીં.



શકતું. બદલાવ સ્વાભાવિક છે, બદલાવ જરૂરી છે. જુદી જુદી સંભાવનાઓને વ્યક્ત કરવા કાવ્ય માટે અનેક સ્વરૂપો નિર્ધારિત કરાયા છે. હાઈકુથી શરૂ કરીને મહાકાવ્ય સુધી, અછાંદસ રચનાથી સચોટ બંધારણયુક્ત છંદ દ્વારા, ગદ્યકાવ્ય અને ક્યાંક જોડકણાં, અહીં બધું જ માન્ય છે. તકલીફ ત્યાં પડે કે જ્યારે કોઈ એક રચના પ્રકારમાં આગળનો વિકાસ અટકી પડે. સોનેટ એટલે સોનેટ. સંગીતમાં શિવરંજનીની સાથે જેમ મિશ્ર શિવરંજનીની સંભાવના હોય છે, તેમ કાવ્યમાં સોનેટ સાથે મિશ્ર સોનેટ સ્વીકૃત નથી બનતું.

શિવરંજની અને મિશ્ર શિવરંજની એ બંને ભારતીય સંગીતના અત્યંત લોકપ્રિય અને મહત્વનાં રાગ છે. ખમાજ થાટનો રાગ શિવરંજની ઓડવ - ઓડવ જાતિનો અર્થાત્ આરોહ અને અવરોહમાં પાંચ-પાંચ સમાન સ્વર પ્રયોજાય છે. ષડજ, કોમળ રિષભ, કોમળ ગંધાર, પંચમ તથા કોમળ ધૈવત. અહીં વાદી સ્વર ધૈવત છે અને સંવાદી ગંધાર. શિવરંજનીમાં મધ્યમ અને નિષાદ વર્જિત છે. ભાવાત્મક રજૂઆત માટે આ રાગનો ઉપયોગ થતો હોય છે. ભાવાત્મક રજૂઆતને વધુ અસરકારક બનાવવા ક્યારેક મધ્યમ અને નિષાદનો ઉપયોગ પણ કરાતો હોય છે. જ્યારે આમ કરવામાં આવે ત્યારે તે મિશ્ર શિવરંજની બને. તેવા સમયે તેની જાતિ ષાડવ કે સંપૂર્ણ બની શકે. સંગીતકારને જ્યારે શિવરંજનીના પાંચ સ્વરોમાં મર્યાદા અનુભવાય ત્યારે મિશ્ર શિવરંજનીનો ઉપયોગ ઈચ્છનીય પણ બને અને સ્વાભાવિક પણ બને. અહીં શિવરંજનીનો આત્મા જળવાઈ રહે પણ અભિવ્યક્તિનો વિસ્તાર વધે, જે જરૂરી છે.

સોનેટ એ ભાવનાત્મક, દાર્શનિક કાવ્યપ્રકાર છે. કેટલાંક સાહિત્યકારોની માન્યતા પ્રમાણે સોનેટમાં કવિના આંતરિક ભાવ વધુ સ્પષ્ટતા અને સરળતાથી વ્યક્ત થઈ શકે. જોકે આવું દરેક કાવ્ય-પ્રકાર માટે કહી શકાય. સોનેટનાં બંધારણ પ્રમાણે આ ચૌદ પંક્તિનું છંદબદ્ધ કાવ્ય છે. ઈટાલિયન સોનેટમાં આ ચૌદ પંક્તિને બે ભાગમાં વહેંચવામાં આવે છે. પ્રથમ આઠ પંક્તિમાં કોઈ વિચાર, સમસ્યા, પ્રશ્ન, મંતવ્યની અભિવ્યક્તિ કરાય અને છેલ્લી છ પંક્તિમાં તેનો ઉકેલ અથવા તે પ્રત્યે પ્રતિભાવ આપવામાં આવે. અંગ્રેજી સોનેટમાં ચૌદ પંક્તિઓ ચાર ભાગમાં વહેંચાય. પ્રથમ ત્રણ ભાગમાં ચાર-ચાર પંક્તિઓનો સમૂહ હોય જેમાં એક વાત પર ભાર મૂકવામાં આવે અને છેલ્લા ભાગ અર્થાત છેલ્લી બે પંક્તિમાં તેનો નિષ્કર્ષ હોય.

**પરિસ્થિતિ બદલાતાં ઘણું બદલાય. સંવેદનાઓની તીવ્રતા તથા તેનો પ્રકાર, સામાન્ય માનવી પાસે તેને ઝીલવાની ક્ષમતા અને તે માટેનો પ્રાપ્ત સમય, જીવનની વ્યસ્તતામાં આવતાં બદલાવથી બદલાતાં કળા-ક્ષેત્રનાં સમીકરણો - આ અને આવી બાબતો કળાના દરેક સ્વરૂપમાં બદલાવ માંગે છે**

દરેક કાવ્ય પ્રકાર જે તે સમયે, જે તે વ્યક્તિ કે વ્યક્તિ સમૂહ દ્વારા નિર્ધારિત થતાં આવ્યાં છે. તે વખતની સમાજ વ્યવસ્થા, સામાજિક જરૂરિયાત, સમાજની પરિપક્વતા, કળાત્મક જરૂરિયાત, બૌદ્ધિક મર્યાદા, સ્થાપિત સ્વીકૃતિ, સંવેદનાઓની જટિલતા તેમજ પરિપક્વતા, અને તે બધાં સાથે વ્યક્તિગત અભિગમ; આ બધું જ્યારે ચોક્કસ રીતે ચોક્કસ પ્રમાણમાં એકત્રિત થાય ત્યારે અભિવ્યક્તિનું એક સ્વરૂપ ઉભરે. . તેથી જ તો અત્યારે ‘રીલ્સ’નો વ્યાપ વધતો જાય છે. સોનેટને રીલ્સ સાથે સરખાવી ન શકાય. સોનેટને રિલ્સમાં રૂપાંતરિત પણ ન કરી શકાય. આવો વિચાર પણ ન આવવો જોઈએ. પણ અમુક બાબતે વિચાર જરૂરી છે. કળાનું જે તે સ્વરૂપ સશક્ત હોવા છતાં સમાજ તેમાં ઓછો સંમિલિત થતો હોય, અપાર સંભાવના હોવા છતાં કળાનું જે સ્વરૂપ સીમિત રહેતું હોય, સ્વરૂપની ‘શાસ્ત્રીય’ મર્યાદાઓને કારણે કલાકારને અભિવ્યક્તિમાં મર્યાદા જણાતી હોય અને જનસમાજ મિશ્ર શિવરંજની કે મિશ્ર સોનેટ સ્વીકારવા તૈયાર હોય તો સંગીતકારોએ - કવિઓએ પણ તેનાં સ્વીકાર માટે તૈયારી રાખવી પડે.

અહીં કળાને ત્રણ ભાગમાં વર્ગીકૃત કરી શકાય; શાસ્ત્રીય, સુગમ અને લોક. ક્યારેક શાસ્ત્રીયમાં લોક અને સુગમની અસર ઈચ્છનીય રહે તો ક્યારેક સુગમમાં શાસ્ત્રીય બંધારણની છાંટ વર્તાય અને લોકકળાનો ભાવ ઉભરે તેવું પણ ઈચ્છી શકાય. તેવી જ રીતે લોકકળામાં જો શાસ્ત્રીય ગંભીરતા અને સુગમ સરળતા આવે તો નવાં જ પરિમાણ સ્થાપિત થઈ શકે. આ સમય સમન્વયનો છે. આ સમય પરસ્પરની આપ-લેનો છે. આ સમય માનવ સંસ્કૃતિમાં પ્રવર્તમાન વિવિધ ક્ષેત્રના વિવિધ સ્વરૂપોની વિશેષ બાબતોને પરસ્પર સાંકળી ભાગદોડવાળી જિંદગી જીવતા માનવની અનુભૂતિને સમૃદ્ધ બનાવવાનો છે. •